# દીકરી વીનાના પીતા

--દીનેશ પાંચાલ

આ લખનારને દીકરી નથી એટલે 'દીકરી વહાલનો દરીયો' હોય છે કે નહીં તે ખબર નથી. તેથી મારી કોઈ દીકરીએ મને હજુ સુધી 'થેન્ક યુ, પપ્પા' કહ્યું નથી . અને 'દીકરી એટલે દીકરી' જ કે બીજું કાંઈ તેની પણ મને ખબર નથી. એટલે મારા જેવો, દીકરી વગરનો બાપ એ વીશે કંઈ લખે તે એવું લાગે, માનો દુષ્કાળમાં જીવતો ખેડુત લીલાછમ ખેતરોની કલ્પનામાં રાચતો હોય ! લગભગ બધાએ જ સંમત થવું પડે એવી વાત એ છે કે સ્ત્રી વીશ્વના વીકાસનું વર્તુળ છે. સૃષ્ટીનું સેન્ટર પૉઈન્ટ છે. પ્રેમનો પરીઘ છે અને ત્રેવડની ત્રીજયા છે. દીકરી વીશેનાં પુસ્તકો બજારમાં ઉડે અને ઉપડે છે આ સંસારનો અસલી સીક્કો દીકરી છે. અખબારના એક તંત્રીમીત્રે એકવાર કહેલું : અખબારોમાં એવી સેંકડો જાહેરખબરો આવે છે કે : 'અમારો દીકરો અમારા કહ્યામાં નથી. કોઈએ તેની સાથે અમારે નામે વ્યવહાર કરવો નહીં.' પણ આજપર્યંત કોઈ માબાપે આવી જાહેરાત આપી નથી કે-'અમારી દીકરી આમારા કહ્યામાં નથી એટલે...' પછી તેમણે વ્યંગમાં ઉમેર્યું કે : 'એટલે હું અંગત રીતે માનું છું કે અખબારો માટે તો દીકરા જ 'કમાઉ' ગણાય; દીકરીઓ નહીં ! ઉલટું દીકરીઓ તો પરીક્ષા વખતે બોર્ડમાં ટૉપટેનમાં ચમકે છે તેથી તેમના ફોટા અને ઈન્ટરવ્યુ અમારે મફતમાં છાપવાં પડે છે!'

અમારા એક મીત્ર ઘણીવાર કહેતા :'મારા ઘરમાં દીકરાઓ પરણવા લાયક થયા ત્યારે આવનારી વહુ કેવી નીકળશે તેની મને લગીરે ચીંતા નહોતી. કેમ કે વહુ સારી નીકળે તો ઠીક; પરંતુ ખરાબ નીકળે તો તેને પ્રેમથી સુધારવાના(કે ન જ સુધરે તો નીભાવી લેવાના) સદ્ગુણો અમારા પરીવારમાં હતા. એથી અમને ગળા સુધીની ખાતરી હતી કે અમારે ત્યાં આવનારી વહુ કદી દુખી નહીં થાય. પણ મારી દીકરીને કેવાં સાસરીયાં મળશે તેની મને હંમેશાં ચીંતા રહેતી. કેમ કે, એકબે મુલાકાતમાં ન તો દીકરી એના થનાર પતીને ઓળખી શકે; ન અમે તેનાં થનાર સાસરીયાંને જાણી શકીએ. *દીકરીનો બાપ દીકરી માટે વર ગોતવા નીકળે છે ત્યારે તેના દીમાગમાં ભારોભાર શંકા હોય છે. સમજો કે જ્યાં પહેલાં કદી જવાનું થયું ન હોય એવા અજાણ્યા એરીયામાં ઘુંટણ સુધીનાં પાણી ભરાયાં હોય અને ત્યાં તે પોતાનું દરેક કદમ એવી દહેશત સાથે મુકે છે કે ક્યાંક બહુ ઉંડા ખાડામાં તો પગ નહીં પડી જાય ને....?*એથી હું મારી દીકરી માટે મુરતીયો શોધવા નીકળ્યો ત્યારે દરેક મુરતીયાને મેં શંકાની નજરે જોયો હતો. છોકરાવાળા આવ્યા હોય ત્યારે મનને છાને ખુણે હું વીચાર્યા કરતો : અત્યારે કેવો નમ્ર, વીવેકી અને સાલસ લાગે છે; પણ પરણ્યા પછી પોત પ્રગટાવશે. મારી દીકરીને દુખી દુખી કરી નાખશે! એવા નકારાત્મક વીચારો પાછળ ઉંડે ઉંડે દીકરી માટેનો મારો પ્રેમ વ્યક્ત થતો હતો. દીકરી ક્યાંક ખોટા પાત્રને પરણીને દુખી ન થઈ જાય તેની મને ચીંતા હતી. કોણ જાણે હું સાચો હોઈશ કે ખોટો પણ મને લાગે છે કે આ દુનીયામાં સ્ત્રીનો જન્મ ન થયો હોત તો પુરુષો હજુય વધુ ક્રુર, બંડખોર, જુલ્મગાર, ઝનુની અને જીદ્દી હોત ! દીકરી એક બાળકી તરીકે જન્મે છે; પણ ખરેખર તો એ જન્મે છે ત્યારે જ માનું દીલ લઈને જન્મતી હોય છે. માતૃત્વ દરેક સ્ત્રીમાં 'ઈન્બીલ્ટ' હોય છે. કોઈ સ્ત્રી બાળકને જન્મ ન આપી શકી હોય તોય તેના અસ્તીત્વમાં એક 'મા' છુપાયેલી હોય છે. આ સૃષ્ટીના ઉદ્ભવ અને વીકાસમાં સ્ત્રીનો ફાળો, બરફની બનાવટમાં પાણી જેટલો મહત્ત્વનો છે. આ સંસારમાંથી સ્ત્રીની અને સ્ત્રીમાંથી દીકરીની બાદબાકી શક્ય નથી !'

અગાઉ જેમણે દીકરી વહાલનો દરીયો પુસ્તક આપ્યું હતું; તેમનું નવું પુસ્તક 'દીકરી એટલે દીકરી' વાચ્યું. પાને પાનેથી પ્રતીતી થઈ કે દીકરી એટલે સાચે જ દીકરી...તેની તોલે બીજું કોઈ નહીં આવે! ઉપર કહ્યું તેમ મારે દીકરી નથી એટલે મેં એ પુસ્તક કંઈક એવા અહેસાસ સાથે વાંચ્યું , માનો ડાયાબીટીઝનો દરદી મીઠાઈ આરોગતા માણસને ઈર્ષ્યાપુર્વક તાકી રહે ! દીકરીના બાપ ન બનો ત્યાં સુધી દીકરી એટલે શું તેનો અંદાજ ન આવે એ રીતે પુસ્ક વાંચ્યા વીના દીકરીના હેતની પ્રતીતી પણ ના

થઈ શકે. છતાં પુસ્તકમાં રજુ થયેલા કેટલાક ભાગ્યશાળી પીતાઓના દીકરી વીશેના વીચારો ટુંકમાં જોઈએ :

**ડૉ. અશ્વીન દેસાઈ** લખે છે : 'સ્ત્રીઓએ પુરુષ સમોવડાં કે કોઈનાંય સમોવડાં થવાની જરુર નથી. સ્ત્રી 'સ્ત્રીત્વ' સીદ્ધ કરે એમાં જ એનું ગૌરવ છે. અને સ્ત્રીની શક્તી ચાહવામાં છે ! પ્રેમમાં છે ! વસંત ઋતુ સમગ્ર સૃષ્ટીમાં નવજીવન પ્રેરે છે; તેમ પુરુષમાં કે પરીવારમાં સ્ત્રી નવજીવન સંચાર કરે તેમાં જ એની શક્તી રહેલી છે.'

**ચન્દ્રકાન્ત બક્ષી :** 'હું માનું છું કે મારા સર્જનહારે મને મારી યોગ્યતાથી દસલાખ ગણું વધારે આપી દીધું છે. કેમ કે તેણે મને એક દીકરી આપી છે. આંખોની રોશની ઝાંખી પડી રહી છે ત્યારે એ મારી આંખોની રોશની બને છે. પગ લડખડાય ત્યારે એ સહારો બને છે. મારી દીકરી રીવા આજે એક આંતરરાષ્ટ્રીય કંપનીમાં જનરલ મેનેજરના ઉચ્ચસ્થાને છે. દર મહીને તે ઈન્કમ ટેક્સ ભરે છે તે રકમ જ પાંચ આંકડામાં બને છે. અને રીવા જરુર પડે ત્યારે પોતે વાસણ પણ માંજી લે છે...પોતાં પણ કરી લે છે ! '

**ચન્દ્રકાન્ત ટોપીવાળા :** 'મારી દીકરી પર્વણીનું હાસ્ય રણકદાર છે. આજે પણ અમેરીકાથી આવતા એના ફોનમાં તે હાસ્યના રણકા માટે હું આતુર હોઉં છું; પણ એવું જ એનું રુદન પણ મારે માટે અસહ્ય રહ્યું છે.'

**ડૉ. ધીરુ પરીખ :** 'મને બરાબર યાદ છે કે થોડાં વર્ષો પુર્વે નીયતી એના પરીવાર સાથે અમેરીકા જઈ રહી હતી. હવાઈ મથકે બાંકડા પર મારી બાજુમાં બેસીને મને કહે : 'પપ્પા, મારે તો સાસરું પણ નવરંગપરામાં જ શોધવાનું હતું કે જેથી તમે અને મમ્મી એકલાં ન પડી જાઓ. પણ વીધીની લીલા અને સંજોગો કેવા ઉભાં થયાં છે કે હવે તમારાથી માઈલ નહીં; પરંતુ માઈલો દુર ચાલ્યા જવું પડે છે ! આટલું બોલતાં તેનો કંઠ ભરાઈ આવ્યો. મેં એને માથે અને બરડે હાથ પસવારી ધીરજ બંધાવી. એણે જેમતેમ સ્વસ્થ થવા પ્રયત્ન કર્યો અને જોતજોતામાં એ વીમાન માર્ગે ઉડી ગઈ. મને થયું જાણે મારા કાળજાનો કટકો લઈને વીમાન ઉડી ગયું !'

**દીગંત ઓઝા :** 'બાળપણમાં મેં કાજલને દીવાળીના ફટાકડા અપાવ્યા નથી કે ઉત્તરાયણમાં પતંગોનો ખર્ચ પણ કર્યો નથી. એ તમામને બદલે મેં કાજલને પુસ્તકો અને માત્ર પુસ્તકો જ અપાવ્યાં છે. સુરેશ દલાલની ભાષામાં કહું તો, કાજલે પુસ્તકો આંખોથી ચાવ્યાં છે. અને ભરપુર પચાવ્યાં પણ છે એવો , એનાં લખાણ વાંચતાં અહેસાસ થાય છે.'

**હરીભાઈ કોઠારી :** 'સુંદર રીતે ખીલવેલું આ કન્યાપુષ્પ, કન્યાદાન રુપે માતાપીતા દ્વારા જ્યારે જમાઈના હાથમાં સોંપવામાં આવે ત્યારે એ કદી કરમાઈ ન જાય તેની જવાબદારી એના પતીએ સહર્ષ સ્વીકારવાની રહે છે. પ્રસન્ન દામ્પત્ય તો સમગ્ર પરીવારને પ્રસન્નતા તેમ જ ઘરને મંદીરની પાવનતા બક્ષે છે.'

**યશવંત મહેતા :** 'દીકરી વહાલનો દરીયો તો ખરી; પણ કાળજાનો કટકોય ખરી જ..! એ સમજણનું સરોવર પણ ખરી. બાપના હૃદયને જેટલું દીકરી ઓળખે તેટલું સપ્તપદીના સાત ફેરા ફરીને આવેલી પત્ની કે નવ માસ સુધી ઉદરમાં સાચવતી મા પણ નથી ઓળખી શકતી.'

**ગુલઝાર :** 'તમારી અપેક્ષાઓ તથા પસંદગીઓ તમે તમારા બાળક પર લાદી શકો નહીં. જીવનના દરેક તબક્કામાં મેં મારી દીકરી મેઘનાને એની ઈચ્છા અનુસાર નીર્ણયો લેવા દીધા છે. હું મારી દીકરીને તેની સમગ્રતા સાથે ચાહું છું,'

**રવીન્દ્રનાથ ટાગોર :** 'હું એવા તારણ પર આવ્યો છું કે લગ્ન પછી તરત જ પુત્રીને તેનાં માબાપથી વેગળી કરીને સાસરામાં પતી તથા કુટુંબીજનો સાથે હળીમળી જવાની તક આપવી જોઈએ. જ્યારે બાળકના હીતનો સવાલ હોય ત્યારે માબાપે પોતાનાં સુખનો વીચાર કરવો જોઈએ નહીં.

એમનો જન્મ આપણાં સુખ માટે થયો નથી. તેમનાં ક્ષેમકલ્યાણ તથા તેમના જીવનની લક્ષ્યપ્રાપ્તીમાં જ આપણું સુખ સમાયેલું છે.'

**શોભા દે :** 'માતા પાસે એ ચકાસવાની અદ્‌ભુત શક્તી હોય છે. કોઈ અકળ શક્તીથી અમે એ પામી તો જઈએ છીએ કે અમારી પુત્રીઓ માટે પતી તરીકે કોણ યોગ્ય છે અને કોણ યોગ્ય નથી. તમારા બન્નેના સંભવીત ઉમેદવારોને હું મળતી રહી છું. મારે કહેવું જોઈએ કે જે નમુનાઓ મારી સમક્ષ છે એમાંનો કોઈ મારા પરીક્ષણમાંથી પાર ઉતર્યો નથી ! દીકરીઓ, લગ્ન વીશે ગંભીરતાથી વીચારવાનું શરુ કરો. ખુબ મંથન કરો. અને જો કોઈ એવી વ્યક્તી મળી જાય કે જેને મળીને તમારું હૈયું પોકારી ઉઠે- 'બસ, આ જ છે મારા મનનો માણીગર…!' ત્યારે કશાય ક્ષોભ વીના આગળ વધી તેને જીવનસાથી બનાવી લો. મારા આશીર્વાદ તમારી સાથે છે.'

## ધુપછાંવ

હાસ્યલેખક **શ્રી. વીનોદ ભટ્ટ** લખે છે : 'કોઈ એક ગામમાં બાપુની ડેલી પાસેથી પસાર થતી વેળા એક માથાફરેલ યુવાન થુંક્યો. બાપુ ડેલીની બહાર ઢોલીયો ઢાળીને આરામ ફરમાવતા હતા. યુવાનને થુંકતાં જોઈ તેને પાસે બોલાવીને પુછ્યું : 'બાપુની ડેલી પાસે થુંકવાની ગુસ્તાખી કરવા બદલ તને કેટલો દંડ કરું?' યુવાને સહેજ પણ દીલગીરી ન બતાવતાં કહ્યું : 'કરોને તમારે કરવો હોય તેટલો..!' બાપુએ એને પાંચ રુપીયા દંડ કર્યો. 'પાંચ છુટા નથી; દસની નોટ છે એટલે બીજીવાર થુંકું છું !' કહી બાપુના ખાટલા પર દસની નોટ નાખી, બીજી વખત થુંકીને એ યુવાન ચાલતો થયો. પછી તો એ યુવાન જીદે ભરાયો. બાપુની ડેલી પાસેથી પસાર થતી વેળા એક કે બે વખત થુંકે અને હીસાબે જે દંડની રકમ થતી હોય એ બાપુના ખાટલામાં નાખતો જાય. ઘણા દીવસ આમ ચાલ્યું. અચાનક એક વાર એ યુવાન બાપુની ડેલી પાસેથી થુંક્યા વીના, નીચી મુંડીએ પસાર થઈ ગયો. બાપુએ તેને બોલાવીને પુછ્યું : 'આજે તું કેમ ન થુંક્યો?' જવાબમાં યુવાને જરા નરમ અવાજે કહ્યું : 'બાપુ, મારા ઘરે આજે દીકરીનો જનમ થયો છે. દીકરીના જન્મ સાથે મારામાં એકાએક નમ્રતાનો પણ જન્મ થયો છે. ટણી ઉતરી ગઈ છે. હવે તો હું થુંક ગળવાનું શીખી રહ્યો છું !' મને આ વાત એટલા માટે ગમી ગઈ કે સમાજમાં સૌનો અનુભવ છે કે દીકરીના બાપે થુંક અને અપમાન બન્ને ગળી જતાં શીખી લેવું પડે છે. દીકરી અનીલ અંબાણીની હોય તો પણ; સમાજ દીકરીના બાપને 'બાપડો', 'બીચારો' કે 'ગરીબડો' જ ગણે છે.'*****'મારામાં પણ પહેલાં નરમાશ ઘણી ઓછી હતી. કોઈને ઉદ્ધત પણ લાગું. પણ મારી બન્ને દીકરીઓ મોટી થતી ગઈ, તેમનાં લગ્ન માટે મુરતીયાઓની શોધ શરુ કરી, તેમ તેમ એ શોધે મને અતીનમ્ર બનાવ્યો. હું દઢપણે માનું છું કે દરેક કુટુંબમાં પુત્રોની સંખ્યા ભલે વધારે હોય; પણ એકાદબે દીકરીઓ તો હોવી જ જોઈએ, જેથી દરેક માબાપ હૃદયથી વધારે કુણાં અને ઘરમાં આવનાર પુત્રવધુને પણ સગી પુત્રી જેવો પ્રેમ કરે..!'

--દીનેશ પાંચાલ

સી-12, મજુર મહાજન સોસાયટી, જમાલપોર, **નવસારી**-396 445-ભારત :
ફોનઃ (02637) 242 098

સુરતના દૈનીક, **'ગુજરાતમીત્ર'**ની તા.૨૫ માર્ચ ૨૦૦૭ની રવીવારીય પુર્તીમાંની એમની સાપ્તાહીક કટાર **'જીવનસરીતાને તીરે'**માંથી સાભાર…

'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં અક્ષરાંકન : uttamgajjar@hotmail.com

શ્રી. દીનેશભાઈ પાંચાલ                    સૌ.ચંદનબહેન પાંચાલ

## લેખક-પરીચય

બેન્ક ઑફ બરોડામાં ૩૧ વર્ષ સેવા આપ્યા બાદ **શ્રી. દીનેશભાઈ** પુરા સમય માટે સાહીત્ય-સર્જન ક્ષેત્રને સમર્પીત છે. તેમની સાહીત્ય-યાત્રામાં એમને પુરો સાથ મળ્યો છે એમનાં સાહીત્ય-મર્મજ્ઞ પત્ની **ચંદનબહેન**નો. દીનેશભાઈનાં બધાં લખાણોને કમ્પ્યુટર પર ટાઈપ કરવાનું, પ્રુફ-રીડીંગ કરવાનું સઘળું પોતાનું સમજી પોતે જ રસપુર્વક કરે. તે એટલે સુધી કે પોતે જાતે કશું લખતાં ન હોવા છતાં તેમને મોઢે કદીક 'અમારા આ લેખમાં તો...' એવા શબ્દો અનાયાસે નીકળી પડે. પતીના સર્જનમાં એવું તો તાદાત્મ્ય ! સાહીત્યીક કાર્યક્રમોમાં પણ બન્ને સાથે જ હોય. મીત્રોએ એમને સસ્નેહ 'સારસ-બેલડી'નું બીરુદ આપ્યું છે. બંને નીજાનંદે સુખી જીવ..સાહીત્ય-સર્જનને તેઓ તેમની 'કો-એક્ટીવીટી' ગણાવે છે.

દીનેશભાઈ આમ તો વર્ષોથી લખે છે. સુરતના દૈનીક, **'ગુજરાતમીત્ર'**ની રવીવારીય પુર્તીમાં નીયમીત પ્રગટ થતી એમની સાપ્તાહીક કટાર **'જીવનસરીતાને તીરે'**ને ખુબ આવકાર, આદર અને લોકચાહના મળ્યાં અને એમને સફળ સર્જક તરીકે પ્રસ્થાપીત કર્યા. ગુજરાતની ટોચની પ્રકાશન સંસ્થાઓએ એમનાં પુસ્તકો પ્રકાશીત કર્યાં છે.


--ઉત્તમ ગજ્જર (સુરત) અને બળવંત પટેલ (ગાંધીનગર)

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : બે -- અંક : 99 -- એપ્રીલ 29, 2007

માત્ર ચૌદ માસના ગાળામાં **2,70,000** જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં
<http://www.gujaratilexicon.com> **લેક્સીકૉન**ની મુલાકાત લીધી. આપને
પણ **લેક્સીકૉન**ની આ નવી **interface**ની મુલાકાત લેવાનું નીમંત્રણ છે.
આપ સૌના સહયોગ થકી **સન્ડે ઈ–મહેફીલ**ના **5000** જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં
જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે જ...
સૌનો આભાર..અમારી **સન્ડે ઈ–મહેફીલ**ની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી વેબસાઈટ
http://gujaratilexicon.com/index.php?action=downloadSeM
પરથી સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી **લેક્સીકૉન** અને **શ્રી વીપુલ કલ્યાણી**
તરફથી લંડનથી પ્રકાશીત થતા **ઓપીનીયન**ની અને **શ્રી. પ્રવીણ વાઘાણી** (મેલ્બોર્ન–ઓસ્ટ્રેલીયા) તરફથી
પ્રકાશીત થતા **'માતૃભાષા'** માસીકોની મુલાકાતે પણ જઈ શકાશે..

**Kindly send your suggestions to**
**Ratilal Chandaria, e-mail:rpchandaria@comcraft.com**

## ◆◆◆ મધુરેણ સમાપયેત્ ◆◆◆




રીયલ લાઈફમાં આવું બનતું હોય તો કેવી મઝા આવે..!!!

ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com **web site** : www.ameamericanamdavadi.com

○◆● ○◆● ○◆●

પાન : 71

'એક ભાઈએ મને છાપાની કાપલી મોકલી છે. તેમાં ખબર છે કે મારા નામનું મંદીર ચણાવી તેમાં મારી મુર્તીની પુજા થાય છે. આને હું ભુંડામાં ભુંડા સ્વરુપની મુર્તીપુજા માનું છું. જીવતા માણસની મુર્તી બનાવી તેની પુજા કરવાથી આપણે હીંદુ ધર્મને છેલ્લે પગથીયે ઉતારીએ છીએ. મૃત્યુ પહેલાં કોઈ માણસને પુર્ણપણે સારો ન કહી શકાય'--મો.ક. ગાંધી ('હરીજનબંધુ' : 24-3-1946)

○○○

પાન : 146

'ક્યાંયે પ્રતીષ્ઠા મેળવવાની મને ઝંખના નથી. હું સેવક છું. સેવકને પ્રેમની જરુર હોય, પ્રતીષ્ઠાની નહીં. --મો.ક. ગાંધી ('માઈન્ડ ઑફ મહાત્મા ગાંધી' : પાનું 8)

○○○

પાન : 146

'જે બુદ્ધીસંમત ન હોય તથા જે નીતીમત્તાથી વીરુદ્ધ હોય એવો કોઈ પણ ધાર્મીક સીદ્ધાંત મને માન્ય નથી.' --મો.ક. ગાંધી ('સીલેક્શન્સ ફ્રોમ ગાંધી' : પાનું 223)

○○○

'ગાંધી-ગંગા'-ભાગ-બે (સંપાદક : મહેન્દ્ર મેઘાણી, પ્રકાશક : ગોપાલ મેઘાણી, લોકમીલાપ ટ્રસ્ટ, પો.બો. 23, ભાવનગર-364 001, પૃષ્ઠ : 162, મુલ્ય : **30** રુપીયા, વીદેશમાં : **$ 5** વીમાન-ટપાલખર્ચ સાથે)માંથી સાભાર-- સંપર્ક : lokmilaptrust2000@yahoo.com